## આજે દેવપોઢી અગિયારના પવિત્ર દિને
# ભગવાનને ખૂલ્લો પત્ર

**હે પ્રભુ,**
**નમસ્કાર !**

આજે અષાઢ સુંદ-૧૧ દેવપોઢી અગિયારના પવિત્ર દિવસે તને મારો એટલે કે ભારતના એક સામાન્ય માનવીનો આ ખૂલ્લો પત્ર લખું છું. આજે મારી જે સ્થિતિ છે તે તારાથી અજાણી નથી, છેલ્લાં ચારેક માસથી મારા પર શું વીત્યું છે તે તારાથી વધુ કોણ જાણે છે ? ખૂબ ઉમળકાથી વધામણાં કર્યા હતા. અમે વર્ષ-૨૦૨૦ના આગમન ટાણે, પરંતુ આ ૨૦૨૦નું વર્ષ જાણે તું ટ્વેન્ટી - ટ્વેન્ટી ક્રિકેટ મેચ રમતો હોય તેમ 'ધોકાવાળી' કરે રાખે છે અને અમે માંડ એક પળોજણમાંથી બહાર આવવાની આશા વર્તાય ત્યાં તું બીજી માથે ઠોકી દે છે. હવે બે કર જોડી વિનંતી છે કે હશે અમારી હજાર ભૂલો પણ આખરે અમે તારાં બાળ છીએ... હવે તો ખમૈયાં કર અને બાકીનું ૨૦૨૦નું વર્ષ હાશકારો આપનારું બની રહે તેવું કૈંક કર પ્રભુ. 'જલન માતરી' કહે છે તેમ કે...

**'ભોળા હૃદયનો માનવી માને છે એને સુખ**
**દુઃખ-દર્દ થોડા દિવસો જો થાક ખાય છે.'**

હે તારણહાર... માન્યું અમે કે અમે પ્રદૂષણ વધારવામાં કોઈની તમા નથી કરી, અમે સંબંધોને સ્વાર્થ પૂરતો ઉપયોગ કરી ભૂલી ગયાં હતા, અમે જીભના ચટાકાને સુખનો સ્વાદ સમજી બેઠાંતા, અમે માત્ર અર્થોપાર્જનને જ એકમાત્ર જીવનનો ઉદ્દેશ સમજી વ્યસ્ત બન્યાં હતા, અમે હૃદયથી પ્રાર્થના કરવાને બદલે



દેખાડાંના વિધિ - વિધાનને ધર્મ માનવા લાગ્યાં હતા... પરંતુ હે નાથ હવે અમારી સાન ઠેકાણે આવી છે. તારી એક સુક્ષ્મ કરામતે અમને અમારી ભીતર જોવાની ફરજ પાડી છે. તારી એક છુપી લાઠીના વારે અમને અહંકારના થડ તોડી વાસ્તવિક દૃશ્ય દેખાડ્યું છે અને તારા એક ઈશારે અમને ઘણીબધી વાતો સાનમાં સમજાવી દીધી છે.

આજે અમે પારિવારિક સંબંધોનું સાચું મૂલ્ય સમજ્યાં છીએ, સ્વજનોથી દૂર રહીને પણ તેમની નિકટ રહેવાનું અમે શિખ્યાં છીએ, પૂનમ ભરવાને બદલે કોઈકનું પેટ ભરવું કેટલું મહત્ત્વનું છે તે શિખ્યાં છીએ, દેવદર્શનના દેખાડાંને બદલે મનથી દર્શન કરવાનું શિખ્યાં છીએ, અરે, અમે અમારી જાત પર સંયમ રાખવાનું શિખ્યાં છીએ, ઘરમાં પુરાઈ રહીને ગૃહિણીના કાર્યને અમે જાણ્યું છે, પછી ઘરકામ કે અન્ય એક પણ કામ તુચ્છ નથી તે શિખ્યાં છીએ, અમે પ્રદૂષણ ફેલાવવાને બદલે પ્રકૃત્તિના જતનને જાણ્યું છે, અમે માસ્ક પહેરવાનું શિખ્યાં છીએ, અમે બહારનું આચરકૂચર ખાવું કેટલું હાનિકારક છે તે જાણ્યું છે અને પોતાનું તન પણ એક મંદિર છે તારું તે શિખ્યાં છીએ, પ્રભુ અમે અમારાં બાંધવોનું દર્દ અનુભવતા શિખ્યાં છીએ, અમે શ્રમજીવીઓના પત્રના છાલાંની બળતરાં અનુભવી છે, હવે અમને દર્દની સાચી સમજણ પડી છે ત્યારે ખબર પડી કે અમારો શ્રમિક પેલા કવિ ગિરીશ પરમાર કહે છે તેવો છે જેને 'એટલી કમાલ કરતાં આવડે છે, વેદનાને વ્હાલ કરતાં આવડે છે.'

બસ, પ્રભુ હવે બસ... આ વર્ષે તે કોરોના વાયરસની મહામારી તો અમને જાણે અમારી આંખો ખોલવા જ આપી છે. પરંતુ પ્રભુ તેની સાથે હજુ વાવાઝોડા, ધરતીકંપ, મોંઘવારી, યુદ્ધનો ખતરો, બેકારી, ભૂખમરો...ના દયાળુ ના... હવે અમારાથી નથી ખમાતું. અડધું વર્ષ તો તે અમને બસ ફટકારે જ રાખ્યા છે પરંતુ હવે તો હાશકારો કર... હવે અમે કરકસરનું મૂલ્ય સમજીશું, મિત્રોનું મહત્ત્વ અને સંબંધોનું મૂલ્ય સમજીશું, અમે પેટ્રોલ પણ ઘીની જેમ વાપરીશું અને તારા કુદરતી સંશાધનોનો વ્યય અટકાવીશું, અમે ભૂખ્યાંને જમાડીશું, અબોલ પશુ-પક્ષીઓને ખાવાનું બંધ કરીશું, અમે દેખાડાંને ત્યજીશું અને તને મનથી ભજીશું, અમે સોશિયલ ડિસ્ટન્સની સમજણ કેળવીશું અને સ્વચ્છતાને અપનાવીશું, અમે શ્રમિકોની પીડાને દૂર કરવા પ્રયાસ કરીશું, અમે તું કહે તેમ કરીશું પ્રભુ કેમ અમે અત્યાર સુધી કવિ દિનેશ કાનાણી કહે છે તેમ જીવતા'તા...

**'કૈં અજબ ખેંચાણ લઈને જીવતા'તા,**
**હાથમાં સૌ પ્રાણ લઈને જીવતા'તા**
**શું કરીએ બીજું તો માણસ થઈને ?**
**રોજની મોકાણ લઈને જીવતા'તા'**

પ્રભુ, બસ હવે વધુ તો તને શું કહું, તું બધું જાણે છે, બસ બે હાથ જોડી વિનવું છું, હવે આટલેથી બસ કર... પ્રભુ બસ કર...

**લિ. એક સામાન્ય માનવી**

# પ્રાથમિક શાળાઓમાં આજથી શાળાનો સમય સવારનો રહેશે

## હોમ લર્નિંગ દ્વારા વિદ્યાર્થીઓએ કેટલો અભ્યાસ કર્યો તે માટે મુલ્યાંકન કસોટી માટે પણ વિચારણા : ૧ થી ૩૧ જુલાઇ સુધી શાળાનો સમય સવારે ૭ :૩૦ થી ૧૨ કલાકનો રહેશે

ગાંધીનગર તા ૩૦

હોમ લર્નિંગના કન્સેપ્ટના આધારે વિદ્યાર્થીઓએ કેટલો અભ્યાસ કર્યો તેના અનુસંધાનમાં મુલ્યાંકન કસોટી હાથ ધરવા માટે વિચારણા ચાલી રહી છે. આવા સંજોગોમાં સરકારી પ્રાથમિક શાળાઓનો સમય સવારે ૭ :૩૦ થી ૧૨ કલાકનો કરવામાં આવ્યો છે.

સામાન્ય સંજોગોમાં ઉનાળુ વેકેશન પુર્ણ થયા બાદ તા ૩૦ જુન સુધી સરકારી પ્રાથમિક શાળાઓનો સમય સવારનો રાખવામાં આવે છે. જયારે તા ૧ જુલાઈથી શાળાઓ પુર્ણ સમયે ચાલતી હોય છે. પંરતુ કોરાનાની મહામારીના સંજોગોમાં હાલ વિદ્યાર્થીઓને શાળાએ આવવા પર પ્રતિબંધ છે. ત્યારે ૧ જુલાઈથી શાળાઓનો સમય કઇ રીતે રાખવો તે અંગે અલગ અલગ જિલ્લાઓએ અલગ અલગ પરિપત્ર કર્યા છે. ગત વર્ષથી રાજયમાં એક સમાન રીતે અભ્યાસક્રમ ચાલે , કામના કલાકો નિયત થાય મુલ્યાંકન થાય તે માટે વિશેષ પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. રાજય સરકારે તા ૫ જુનના ઠરાવથી દરેક શાળામાં હોમ લર્નિંગ દ્વારા શૈક્ષણિક પ્રવૃતિઓ શરૂ કરાવવા માટે સુચના આપવામાં આવી છે. જયારે યુ ટ્યુબ અને ટીવી ના માધ્યમથી બાળકોને ઘરે બેસીને અભ્યાસ કરવામાં આવી રહ્યો છે. આગામી સમયમાં હોમ લર્નિંગના માધ્યમથી બાળકોએ કેટલો અભ્યાસ કર્યો તેના અનુસંધાનમાં મુલ્યાંકન કસોટી હાથ ધરવા માટે વિચારણા હાથ ધરવામાં આવી રહી છે. આ સંજોગોમાં સમગ્ર રાજયમાં સરકારી પ્રાથમિક શાળાઓનો તા ૧ થી ૩૧ જુલાઈ દરમિયાન સવારે ૭ :૩૦ થી ૧૨ કલાક સુધીનો રહેશે. જયારે આ સુચના અન્વયે મુખ્ય શિક્ષક દ્વારા જે શિક્ષકોને જે તે કામગીરી માટે બોલાવવામાં આવે છે તે શિક્ષકોને ઉપસ્થિત રહી તે મુજબ કામગીરી કરવાની રહેશે. આ સમય દરમિયાન શિક્ષકોએ હોમ લર્નિગ અંગેના જી સી ઇ આર ટીના ૨૨ જુનના પરિપત્રથી પાલન કરવાનુ રહેશે. વર્ગની સંખ્યા મુજબ સપ્તાહમાં એક કે બે વાર ટેલીફોનથી સંપર્ક કરવાનો રહેશે. વિદ્યાર્થીઓના સંપર્કમાં રહી હોમ લર્નિગમાં કોઈપણ પ્રકારની મુશ્કેલી હોય તેને મદદ કરવાની રહેશે. તેમ પણ પ્રાથમિક શિક્ષણ નિયામક ડો એમ આઇ જોષીએ જણાંવ્યુ છે.



## ઓલ ગુજરાત નર્સિંગ યુનિયન દ્વારા કોરોના વોરીયર્સનું પ્રમાણપત્ર

ઓલ ગુજરાત નર્સિંગ યુનિયનના પ્રમુખ વિપુલસિંહ ચાવડા, સેક્રેટરી વનરાજસિંહ ચૌહાણ અને કલ્પેશ પટેલ દ્વારા તાજેતરમાં કોરોના જેવી મહામારીમાં ફ્રન્ટ લાઈન વોરીયર તરીકે કામગીરી કરતા ગાંધીનગર સિવિલ હોસ્પિટલના નર્સિંગ સ્ટાફ તેમજ નર્સિંગ ટયુટરને કોરોના વોરીયર્સનું પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

## ખૂણેખાંચરેથી

- જિલ્લા પંચાયતમાં આરોગ્ય શાખામાં આર.સી. એચ. ઓ. તરીકે પુનઃ ડૉ. હરેશ નાયક હાજર થયા છે. તેઓ રાજ્ય સરકારમાં પ્રતિ નિયુક્તી પરથી પરત ફર્યા છે.
- આજે વિવિધ કચેરીઓમાં નિવૃત્ત કર્મચારીઓને વિદાય આપવાના સમારોહ સોશિયલ ડિસ્ટન્સીંગ સાથે થયા હતા.
- ગાંધીનગર જિલ્લામાં ૬ તલાટી અને બે વિસ્તરણ અધિકારી વયમર્યાદાને લઈ નિવૃત્ત થયા છે.
- ગાંધીનગર મહાનગર પાલિકાએ આજે પાંચ ટીમ બનાવી માસ્ક પહેર્યા વગરના લોકો સામે દંડનીય કાર્યવાહી ૪૩ કિસ્સામાં કરી રૂ. ૮,૬૦૦નો દંડ વસુલ્યો હતો.
- ગાંધીનગર જિલ્લા કલેક્ટર ડૉ. કુલદીપ આર્યના અધ્યક્ષપદે આજે "સીટ"ની બેઠક મળી હતી.
- ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં પણ માસ્ક પહેર્યા વિના ફરતા લોકો પાસેથી દંડ વસુલવાની કામગીરી અસરકાક રીતે હાથ ધરવામાં આવી છે.
- ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં આજે કોવિડમાં સૌથી વધુ મૃત્યુ થયાની વાતોથી શહેરમાં ચિંતાની લાગણી પ્રસરી છે.

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




કોરોના તો નથી થયો... બાબો ટીકટોક વાપરતો હતો...???

# ગાંધીનગર તાલુકાના ગ્રામ્યની પડતર અરજીઓનો ઝડપી નિકાલ કરવા ડીડીઓની તાકિદ

ગાંધીનગર, તા. ૩૦

તાલુકાના ગ્રામ્ય વિસ્તારના લોકોની લાંબા સમયની પડતર અરજીઓ સંદર્ભે નિયમોઅનુસાર ઝડપી કાર્યવાહી કરવા. તેમજ ગૌચર અને ગામતળના દબાણો સંદર્ભે જરૂરી વિગતોની ચકાસણી કરી જો દબાણ માલૂમ પડે તો દબાણ દૂર કરવા માટેની સૂચના આજરોજ જિલ્લા વિકાસ અધિકારી શ્રી શાલિની દુહાને ગાંધીનગર તાલુકા પંચાયતની મુલાકાત દરમ્યાન યોજાયેલ સમીક્ષા બેઠકમાં સંબંધિત અધિકારીઓને આપી હતી.

ગાંધીનગર તાલુકા પંચાયતની મુલાકાત દરમ્યાન જિલ્લા વિકાસ અધિકારી શ્રી શાલિની દુહાને ગ્રામ વિકાસની વિવિધ યોજનાઓ જેવી કે પ્રધાનમંત્રી આવાસ યોજના, સ્વચ્છ ભારત મિશન, મિશન મંગલમૂ યોજના, મનરેગા જેવી ફલેગશીપ યોજનાઓની કામગીરીની માહિતી મેળવી હતી. આ યોજનાઓ લોકાભિમુખ અમલીકરણ કરવા માટે પણ ભારપૂર્વક જણાવ્યું હતું. મનરેગા યોજના અંતર્ગત ચાલતા વનીકરણ કામો અંગેની માહિતી મેળવી હતી. તેમજ સરકારની મિયાવાકી જંગલ પધ્ધતિથી ચાર થી પાંચ જેટલા ગામોમાં વૃક્ષારોપણ કરવામાં આવે તેવી સુચારું આયોજન કરવા પણ જણાવ્યું હતું.

આંગવાડીઓ ખરા અર્થમાં નંદઘર બને તે માટે આંગણવાડીમાં ખુટતી સુવિધાઓ અંગે જરૂરી વિગતો તૈયાર કરી મોકલી આપવા સંકલિત બાળ વિકાસ યોજના અધિકારીને સૂચના આપી હતી. તાલુકાની પ્રાથમિક શાળાઓમાં જર્જરીત ઓરડાની વિગતો સંકલિત કરીને મોકલી આપવા તાલુકા શિક્ષણાધિકારીશ્રીને ભારપુર્વક જણાવ્યું હતું.

વિકાસ કામો ટકાઉ અને ગુણવત્તાયુક્ત બને તથા સ્થળની મુલાકાત કર્યા બાદ જે તે વિકાસના કામની તાંત્રિક મંજૂરી આપવામાં આવે તેની ખાસ તકેદારી રાખવા માટે પણ અધિક મદદનીશ ઈજનેરશ્રીને સૂચના આપી હતી. તેની સાથે ગ્રામ્ય વિસ્તારના લોકોની લાંબા સમયની પડતર અરજીઓ સંદર્ભે નિયમોઅનુસાર ઝડપી કાર્યવાહી કરવા ભારપુર્વક જણાવ્યું છે. તેમણે ગૌચર અને ગામતળના દબાણો સંદર્ભે જરૂરી વિગતોની ચકાસણી કરી જો દબાણ માલૂમ પડે તો દબાણ દૂર કરવા વિસ્તરણ અધિકારીને સૂચના આપી છે.

# ચિલોડા પંથકમાં આકાશી કાળા ડિબાંગ વરસાદી વાદળોએ હાથતાળી આપી

## વરસાદની ચાતક પક્ષીની જેમ રાહ જોતા ખેડૂતો

ચિલોડા, તા. ૩૦

૨૦મી જૂન બાદ ધરતીપુત્રો મેઘરાજાની કાગના ડાળે રાહ જોતાં આકાશ તરફ વરસી પડે તેવા દૃશ્યો જણાતાં ખેડૂતોમાં રાહતની લાગણી જોવા મળી હતી. પણ આ મેઘરાજાના વરસાદી વાદળો



મીટ માંડી પધરામણી થાય તેવી ઈચ્છા ધરાવતા હોય છે. ત્યારે ચાલુ સાલે મેઘરાજા વહેલા પધરામણી થતાં ખેડૂતોએ ખરીફ પાકમાં મગફળી અને કપાસનુ વાવેતરમાં વધુ રસ દાખવ્યો છે. ત્યારે અસહ્ય બાફ-ઉકળાટ વચ્ચે આકાશમાં ખોરંભાયેલા વાદળો અને પવનના સૂચવાટા સાથે ઈશાન દિશામાંથી અચાનક મેઘરાજા હાથતાળી આપી વિખરાઈ જઈ ચાલી ગયા.

પરિણામે નિરાશા જણાઈ હતી. આમ છતાં ગુજરાતમાં ઠેર ઠેર વરસાદનુ આગમનના અહેવાલોથી ખેડૂતોમાં વરસાદ થોડા દિવસોમાં થશે તેવી આશા બંધાઈ છે. હાલમાં ખરીફ પાકમાં વરસાદની તાતી જરૂરિયાત હોવાનુ ખેડૂતો માની રહ્યા છે.

# જિલ્લામાં આઠ સહકારી બેંકો દ્વારા ૧ કરોડ ૩૧ લાખથી વધુનું ધિરાણ

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર જિલ્લા રાજય સરકારની આત્મનિર્ભર યોજના અંતર્ગત વિવિધ સહકારી બેંકો દ્વારા કરવામાં આવેલી કામગીરીની સમીક્ષા બેઠક આજરોજ જિલ્લા કલેકટર શ્રી ડૉ. કુલદીપ આર્યના અધ્યક્ષ સ્થાને યોજાઇ હતી.

આ બેઠકના આરંભ જિલ્લા કલેકટર શ્રી ડૉ. કુલદીપ આર્યએ જણાવ્યું હતું કે, ગાંધીનગર જિલ્લામાં કોરોનાના કારણે બે – અઢી માસથી આર્થિક સાયકલની ગતિ મંદ થઇ ગઇ છે. જેમાં ગાંધીનગર જિલ્લાના નાના વેપારીઓ અને ફેરિયાઓને તેની અસર વધુ થઇ છે. આર્થિક સાયકલને બળ આપવાના ઉમદા આશયથી રાજય સરકાર દ્વારા આત્મનિર્ભર ગુજરાત સહાય યોજના અમલી બનાવી છે. જેમાં આપ જેવી સહકારી બેંકોની ભૂમિકા મહત્વ પૂર્ણ છે.

તેમણે બેઠકમાં ઉપસ્થિત જિલ્લાની આઠ સહકારી બેકોંના ચેરમેન, મેનજીંગ ડિરેટકરશ્રીઓ અને અધિકારીઓ પાસેથી કેટલા ફોર્મનું વિતરણ થયું, કેટલા ફોર્મ ભરીને પાછા આવ્યા અને કેટલા વ્યક્તિઓને આ યોજના અંતર્ગત સહાય ચૂકવવામાં આવી તેની માહિતી મેળવી હતી. તેમણે તમામ બેંકોના અગ્રણીશ્રીઓને આ દિશામાં સુચારું આયોજન કરીને વધુમાં વધુ મધ્યમ અને નાના વ્યવસાયકારોને આ સહાયનો લાભ મળી તેવું ગોઠવા પણ ભારપૂર્વક જણાવ્યું હતું. જિલ્લા કલેકટરશ્રીએ બેંકો તરફથી રજૂ થયેલ વિવિધ પ્રશ્નો સાંભળ્યા હતા. તેના સંતોષકારક ઉત્તર આપી આ કાર્યને જિલ્લામાં સારી રીતે સાર્થક કરવા માટે પણ જણાવ્યું હતું.

ગાંધીનગર જિલ્લા સહકારી રજિસ્ટ્રાર શ્રીમતી શ્વેતાબેન પટેલે જિલ્લાની સહકારી બેંકોમાં આ યોજના અંતર્ગત થયેલ કામગીરીની વિસ્તૃત માહિતી આપી હતી. જેમાં ગાંધીનગર નાગરિક કો.ઓ.બેંક દ્વારા ૪૩૧ ફોર્મનું, ગાંધીનગર અર્બન કો.ઓ.બેંકે ૨૭૮ ફોમર્નું, ચરાડા નાગરિક કો.ઓ. બેંકે ૩૮૫ ફોર્મનું, લોદરા નાગરિક કો.ઓ. બેકે ૨૨૦ ફોર્મ મળી કુલ- ૧૩૧૪ વેપારીઓને ફોર્મનું વિતરણ કર્યુ છે. જેમાંથી ૩૦૧ અરજીઓ ભરાઈને બેંકમાં આવી છે. તે પૈકી ૨૦૦ અરજીઓ માન્ય કરીને રૂપિયા ૧ કરોડ ૩૧ લાખ ૨૫ હજારની રકમની લોનની મંજૂરી કરવામાં આવી છે. બાકીના અરજદારોની અરજીઓ પર કામગીરી ચાલું છે. તેમજ કલોલ નાગરિક સહકારી બેંક દ્વારા તાજેતરમાં ફોર્મ વિતરણ શરૂ કરવામાં આવ્યા છે. જેમાના થકી ૫૪ વ્યક્તિઓને ફોર્મનું વિતરણ કરવામાં આવ્યું છે. માણસા નાગરિક કો.ઓ. બેંક દ્વારા પણ બેંકના ડિરેક્ટરશ્રીઓની યોજાયેલ બેઠકમાં નિર્ણય કરીને આ યોજના અંતર્ગત રૂપિયા ૨.૫૦ કરોડનુંધિરાણ કરવાનું આયોજન હોવાનું જણાવ્યું હતું.

આ બેઠકમાં ગાંધીનગર નાગરિક કો.ઓ. બેંક લિ, ગાંધીનગર અર્બન કો.ઓ. બેંક, કલોલ નાગરિક કો.ઓ. બેંક, માણસા નાગરિક કો.ઓ. બેંક, ચરાડા નાગરિક કો.ઓ. બેંક, લોદરા નાગરિક કો.ઓ. બેંક, રાંધેજા કોર્મોશિયલ કો.ઓ. બેંક અને કલ્યાણ કો.ઓ. બેંક ના ચેરમેનશ્રીઓ, મેનેજીગ ડિરેટકરશ્રીઓ અને મેનેજરશ્રીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

## ઘરમાં રહો સુરક્ષિત રહો


**ગુજરાત સરકાર**
**નર્મદા જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ**
**જાહેર નિવિદા નં. ૧ સને-૨૦૨૦-૨૧**

નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી ગુહાઈ પેટા વિભાગ નં. ૪, હિંમતનગર જી. સાબરકાંઠા ફોન નં. ૦૨૭૭૨-૨૪૨૭૧૦ કચેરી દ્વારા રસ ધરાવતા ઈ-૨ અને ઉપરના વર્ગના રજીસ્ટ્રેશન ધરાવતા ઈજારદારો પાસેતી જવાનપુરા રીચાર્જ યોજના અંતર્ગત અંદાજી રકમ રૂ. ૧.૭૦ લાખના એક કામ માટે માત્ર રજીસ્ટર્ડ પોસ્ટ એ.ડી. / સ્પીડ પોસ્ટથી ભાવો મંગાવવામાં આવે છે. કોરા ભાવપત્રકો આપવાની છેલ્લી તારીખ ૧૦/૭/૨૦૨૦ તથા ભાવો ભરેલ ભાવપત્રક પરત લેવાની છેલ્લી તારીખ ૧૫/૭/૨૦૨૦ રાખવામાં આવેલ છે. કામની વધુ વિગતો અત્રેની કચેરીમાં તથા વેબસાઈટ www.statetenders.com પર જોઈ શકાશે.

નામાનિ/હિંમત/૧૦૦/૨૦૨૦



**ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ ગાંધીનગર**
**પટાવાળા જોઈએ છે**

બજાર સમિતિ ગાંધીનગરના આલમપુર શાકમાર્કેટ સબયાર્ડમાં પટાવાળાની જગ્યા ભરવાની છે. ઉમેદવારોએ સ્વહસ્તાક્ષરમાં તમામ પ્રમાણિત પ્રમાણપત્રોની નકલો સાથે તા. ૮/૭/૨૦૨૦ સુધીમાં મળે તે રીતે અરજદારોએ અરજી મોકલવી.

| | |
|---|---|
| ઉમેદવારની લાયકાત | ધો.૮ પાસ કે તેથી વધુ |
| વય મર્યાદા | ૧૮ વર્ષથી ૨૭ વર્ષ |
| અનુભવ | સહકારી સંસ્થાના અનુભવીને પ્રથમ અગ્રતા આપવામાં આવશે. |
| અરજી મોકલવાનું સરનામું | શ્રી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, ગાંધીનગર આલમપુર શાકમાર્કેટ સબયાર્ડ આર્મી ગેટની સામે, ગાંધીનગર-ચીલોડા હાઈવે, મુ. આલમપુર, તા.જી. ગાંધીનગર-૩૮૨૦૪૨ |
| ઓફીસ સમય | સોમથી શુક્ર સવારે ૧૦-૦૦ થી ૫-૦૦ શનિવાર સવારે ૯-૦૦ થી ૧-૦૦ |

**ચેરમેનશ્રી** અશોકભાઈ એચ. પટેલ   **વા.ચેરમેનશ્રી** અનિલસિંહ એમ. વાઘેલા   **સેક્રેટરીશ્રી** યજ્ઞેશ એન. પટેલ



